Re-Accredited Grade "A" by NAAC
(CGPA 3.05)

# RTI હેઠળ ઉતરવહીની નકલ આપવાં માટેની ગાઈડલાઈન

(૧) પરીક્ષાર્થીને વર્તમાન પરીક્ષાનાં સૈધ્ધાંતિક વિષયોની મૂલ્યાંકન થયેલ ઉતરવહીઓની નકલ પૂરી પાડવામાં આવશે. પરીક્ષાર્થીને યુનિવર્સિટી દ્વારા લેવાયેલ પ્રાયોગિકપરીક્ષાઓ,વાઈવા / મહાનિબંધ / શોધ-પ્રબંધ / પ્રોજેક્ટનાં આંતરિક ગુણ, કોમન એન્ટ્રન્સ/ એસાઇમેન્ટ વગેરેની નકલ પૂરી પાડવામાં આવશે નહિ.

(૨) વિદ્યાર્થી પોતાની ઉતરવહી(નકલ) માટે માંગણી કરી શકે છે. તેના માટે ઉમેદવારે ૨/-રૂપિયા પ્રતિ પેજ (સીંગલ સાઈડ) અથવા લાગુ પડતાં RTI એક્ટ હેઠળ આવતાં મોટી સાઇઝનાં કાગળ માટે લાગુ પડતી રકમની ચુકવણી કરવી પડશે.

(૩) વિદ્યાર્થીએ મૂલ્યાંકન થયેલ ઉતરવહીની નકલ જે તે પરીક્ષાનું મૂળ પરિણામ જાહેર થયાની તારીખથી (પ્રોએક્ટિવ ડિસ્ક્લોઝર અનુસાર) ની સમયમર્યાદામાં માંગણી કરવાની રહેશે. ત્યારબાદની અરજી સ્વીકારવામાં આવશે નહિ.

(૪) જો વિદ્યાર્થીએ RTI ACT-2005 હેઠળ પોતાની ઉતરવહીની નકલ મેળવવા માટે અરજી કરેલ હશે, અને તે જ વિષયનું મૂલ્યાંકન કરાવેલ હશે તો તેવી ઉતરવહીની નકલ મૂલ્યાંકન પરિણામ જાહેર થયા પછી જ આપવામાં આવશે.

(૫) વિદ્યાર્થી માત્ર પોતાની જ ઉતરવહીની નકલ માટે અરજી કરી શકે છે. વિદ્યાર્થીએ બીજા કોઈ પણ અન્ય વિદ્યાર્થીની ઉતરવહીની નકલ માટે અરજી કરી શકશે નહિ.

(૬) વિદ્યાર્થીએ પોતાની ઓળખ માટે માર્કશીટની નકલ અને ID પ્રૂફની નકલ (સ્વ-પ્રમાણિત) કરી ફી ભર્યાની પહોંચ સાથે રજુ કરવાની રહેશે.

(૭) RTI ACT - 8 (1) (e) (g) નાં નિયમો અનુસાર પરીક્ષકની ઓળખ જાહેર કરવામાં આવશે નહિ.

(૮) ઉતરવહીનાં માત્ર લખેલા ભાગોની જ નકલ આપવામાં આવશે. ઉતરવહીનાં કોરા પાનાની નકલ આપવામાં આવશે નહિ.

(૯) કોઈ પણ વિદ્યાર્થી કે જે, એક્ઝામિનેશન ડીસીપ્લીનરી એક્શન કમિટી (EDAC) નાં ઓર્ડીનન્સ મુજબ ગેરરીતી માટે જવાબદાર ઠરેલ હશે, અથવા પરીક્ષાનાં આયોજનમાં કોઈ પણ પ્રકારની ગેરરીતી કરવા બદલ સજા પામેલ હશે, તો આવા વિદ્યાર્થીને પરીક્ષા દરમિયાન ગેરરીતી આચરવા બદલ પોતાના કોઈ પણ વિષય/પેપરની ઉતરવહીની નકલ મેળવવા માટેની અરજી કરવાને લાયક બનતા નથી.

(૧૦) આપવામાં આવેલ ઉતરવહીની નકલોની માલિકી માત્ર ને માત્ર જે-તે વિદ્યાર્થીની રહેશે.

(૧૧) જો આ નિયમોનાં પાલનમાં કોઈ પણ પ્રકારની સમસ્યા ઉભી થાય તો, તેને લગતાં નિર્ણય લેવાનો અધિકાર માત્ર ને માત્ર યુનિવર્સિટીનાં વાઇસ ચાન્સલરને છે, અને તેમનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૧૨) RTI ACT-2005 હેઠળ BPL વિદ્યાર્થીએ કોઈ પણ પ્રકારની ફી ભરવાની નથી. આ માટે વિદ્યાર્થી અરજી સાથે પોતાની કોલેજ/સંસ્થાનાં આચાર્ય અથવા કોઈ પણ ગેજેટ ઓફીસરની પ્રમાણિત કરેલી BPL કાર્ડની નકલ જોડવાની રહેશે.

(૧૩) RTI ACT-2005 હેઠળ મૂલ્યાંકન થયેલ ઉતરવહીની ચકાસણી કરવાની કોઈ જોગવાઈ નથી. ઉતરવહીની નકલનાં પરિણામ સ્વરૂપે મૂળ માર્કસ/ગ્રેડમાં કોઈ પણ પ્રકારનો સુધારો/બદલાવ કરી આપવામાં આવશે નહિ.